CITY Yeer

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શુક્રવાર ૬ નવેમ્બર, ૨૦૨૬





દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે. શહેરમાં ફેસ્ટિવ માહોલ બનવા લાગ્યો છે. શહેરના રોડ દિવાળીની ઝગારા મારતી લાઇટ્સથી ઝળહળી રહ્યા છે. સુરતીઓ પોતાના ઘરને પણ સરસ રીતે દિવાળીને અનુરૂપ ડેકોર કરી રહ્યા છે. સુરતીઓ ખાવાના, હરવા ફરવાના શોખીન છે તેમ આર્ટના પૂજારી પણ છે. દિવાળી પર ઘરના આંગણે રંગોળી ના હોય તેવું બને જ નહીં. પહેલા મોહલ્લાની મહિલાઓ ભેગી થઈને એકબીજાના ઘરના આંગણમાં રંગોળી કરતી. હવે બંગલા, ફ્લેટ કલ્ચર આવ્યું છે સાથે મળીને રંગોળી નથી થતી. વળી, વર્કિંગ વુમન વ્યસ્તતાના અભાવે રંગોળી માટે સમય નથી ફાળવી શકતી એટલે હવે પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટ્સ પાસે ઘરના આંગણે રંગોળી કરવાનો ટ્રેન્ડ આવ્યો છે. તો ચાલો પ્રોફેશનલ આર્ટિસ્ટ પાસે લોકો કેવા પ્રકારની ફેસ્ટિવ માહોલને અનુરૂપ રંગોળી કરાવે છે, તેના માટે કેટલું બજેટ રાખે છે, સીઝનમાં શું એકથી વધારે વખત રંગોળી કરાવવામાં આવે છે તેની રંગોળી જેવી રંગબેરંગી વાતો જાણીએ...

ઘરનાં આંગણે રંગોળી નહીં, રંગોનું આર્ટવર્ક તૈયાર કરાવાય છે



આ રંગોળીના કલર્સ વડોદરા, મુંબઈથી મંગાવાય

પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટના રંગોળીના કલર્સ ખાસ ખૂબ જ બારીક, હાથને વાગે નહીં અને સરળ રીતે મિક્સ થાય તેવા હોય છે. આર્ટિસ્ટ આવા કલર્સ મુંબઈ, વડોદરાથી મંગાવે છે. બંગલામાં રહેતા લોકો, કેટલાંક લેવિશ ફ્લેટમાં રહેતાં લોકો, શોરૂમવાળા અને કમ્પનીવાળા વર્કપ્લેસ પર કરાવતા હોય છે.

ચાર વર્ષથી મોટાભાગે કૃષ્ણ ભગવાનની રંગોળી કરાવે



હંસાબેન ધર્મેન્દ્રભાઇ ટાલિયાએ જણાવ્યું કે, અમારા ઘરની ફિમેલ્સ રંગોળી કરતી હોય છે પણ પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટ જેવી રંગોળી નહીં બને. મારી એક ફ્રેન્ડના ઘરના આંગણમાં કરવામાં આવેલી રંગોળી મને એકદમ રિયાલિસ્ટિક લાગી હતી. એને પૂછતાં મારી ફ્રેન્ડે જણાવ્યું કે તે પ્રોફેશનલ આર્ટિસ્ટ પાસે આવી રંગોળી કરાવે છે. પછી મેં પણ મારા ઘરના આંગણમાં રંગોળી કરાવવા પ્રોફેશનલ આર્ટિસ્ટનો સંપર્ક કર્યો હતો. 4 વર્ષથી અમે આર્ટિસ્ટ પાસે મોટા ભાગે કૃષ્ણ ભગવાનની, કૃષ્ણ-રાધાની રંગોળી કરાવીએ. એકવાર લક્ષ્મી માતાની પણ રંગોળી કરવી હતી. પ્રોફેશનલ આર્ટિસ્ટનું ડિટેલિંગ વર્ક અદભુત હોય છે. બીજા લોકો આવી રંગોળી જુએ તો તેમને પેઇન્ટિંગ હોય તેવું એક નજરે લાગે. મારા ઘરે થતી રંગોળીની ઘણા પરિચિતો ઘણી પ્રસંશા કરતા હોય છે.



7-8 વર્ષથી પ્રોફેશનલ આર્ટિસ્ટ પાસે રંગોળી કરાવે





સોનલબેન લાપસીવાલા વર્કિંગ છે. તેમણે જણાવ્યું કે પહેલા હું દિવાળી પર જાતે રંગોળી કરતી પણ સમયનો અભાવ અને પ્રોફેશનલ આર્ટિસ્ટ જેવી રંગોળી નથી થતી એટલે કોવિડ પહેલાથી આર્ટિસ્ટ પાસે રંગોળી કરાવવાનું શરૂ કર્યું. રામ મંદિર બન્યું ત્યારે ભગવાન રામની રંગોળી કરાવી હતી. અમારા કુળદેવી મોઢેશ્વરી માતાની રંગોળીને તો લોકોએ બહુ વખાણી હતી. દિવાળી પર રંગોળી કરવી આપણું કલ્ચર છે એનાથી આંગણું સુંદર દેખાય છે. આ વખતે ભગવાન શિવ અને માતા પાર્વતીના સ્વરૂપની રંગોળી બનાવવાના છીએ. પ્રોફેશનલ આર્ટિસ્ટની રંગોળી રિયાલિસ્ટિક હોય. મારા ઘરે આવતા મહેમાન આવી રંગો જોઇને અભિભૂત થઈ જતા હોય. હું રંગોળીનું બજેટ લગભગ 10થી 12 હજાર રૂ. રાખું છું.

4500 ચો.ફૂટ.ની રંગોળી માટે 3 લાખ રૂ. ખર્ચ્યા

જવેલરી ડિઝાઇનર જત્પા ઠક્કરે જણાવ્યું કે, હું પાંચેક વર્ષથી પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટ પાસે કલરફુલ રંગોળી કરાવું છું. રંગોળી આપણું કલ્ચર છે અને તે કરવાનું સાયન્ટિફિક રિઝન પણ છે. ફેસ્ટિવલમાં કલરફુલ ડેકોરેશન સારા વાઇબ્ઝ આપે છે. રંગોળી આર્ટિસ્ટની કળાને પ્રોત્સાહન આપવા હું તેમની પાસે રંગોળી કરાવું છું. શ્રી શ્રી રવિ શંકર મહારાજ અમારા ઘરે દિવાળી અવસરે પધાર્યા હતા ત્યારે તેમને વેલકમ કરવા સોસાયટીના મોટા પાર્કિંગમાં 4500 ચો.ફૂટ.ની ગુરુદેવની રિયાલિસ્ટિક રંગોળી કરાવી હતી. તે રંગોળી 25 આર્ટિસ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ રંગોળીના વીડિયો ખૂબ વાયરલ થયા હતા. અમે દિવાળી ઉપરાંત બીજા ઇવેન્ટ માટે પણ પ્રોફેશનલ આર્ટિસ્ટ પાસે રંગોળી કરાવીએ. ગુરુપૂર્ણિમા પર અમે રિયલ ફૂલોની કસ્ટમાઇઝડ રંગોળી કરાવી હતી. આવી રિતની રંગોળી માટે 10 હજાર રૂ.થી લઈને 3 લાખ રૂ. સુધીનું બજેટ રાખ્યું.






9-10 વર્ષથી પ્રોફેશનલ આર્ટિસ્ટ પાસે રંગોળી કરવાનો ટ્રેન્ડ



પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટ સુધાબેન ધેવરિયા દ્વારા જણાવવામાં આવ્યું કે, લોકોને રંગોળીમાં કાંઇક નવું અને ડિફરન્ટ જોઇતું હોવાથી તેઓ પ્રોફેશનલ રંગોળી આર્ટિસ્ટ પાસે રંગોળી કરાવે છે. આનો ટ્રેન્ડ ઘણા સમયથી છે. જે લોકો આર્થિક રીતે સંપન્ન છે અને કાંઇક અનોખું કરવાનો શોખ ધરાવે છે તેઓ ઘરમાં નવું દેખાય તે માટે પ્રોફેશનલ્સ આર્ટિસ્ટ પાસે રંગોળી કરાવે છે. ખાસ તો દિવાળીને અનુરૂપ રિયાલિસ્ટિક રંગોળી. ભગવાનની રિયાલિસ્ટિક રંગોળી ઘણા લોકો પસંદ કરે છે. થીમ બેઝ્ડ નાની રંગોળી કરાવે. રિયાલિસ્ટિક રંગોળીમાં ડિટેલિંગ બહુ હોય એટલે તેને બનાવતા સમય લાગે.



ફટાકડા ફોડવાની દેશ વિદેશની Toy Gunનું અનોખું કલેક્શન

સુરતીઓ ખાવા-પીવા થી લઈ હરવા ફરવા સુધી વિવિધ શોખ ધરાવે છે જેમાં કલેક્શનના શોખનો પણ સમાવેશ થાય છે. એન્ટિક વસ્તુઓના સંગ્રહના શોખીન મોટાભાગના સુરતીઓ દેશ વિદેશની સ્ટેમ્પસ, પોસ્ટકાર્ડ, કોઈન, જૂની નોટો, વાસણો, પેન, ફર્નિચર, પેઈન્ટિંગ્સ, રેડિયો, કેસેટ્સ વગેરે સંગ્રહિત કરે છે. ફટાકડા ફોડવાની બંદૂકોનું કલેક્શન પણ થઈ શકે એવો વિચાર આપણને ક્યારેય નહોતો આવ્યો. આ વિચાર શહેરના આર્કિટેક્ટને 25-30 વર્ષ પહેલાં આવ્યો હતો અને તેમણે દેશ વિદેશની આવી ફટાકડા ફોડવાની બંદૂકો વિવિધ જગ્યાઓ પરથી મેળવી. આમાં 80થી 100 વર્ષ જૂની બંદૂકો પણ છે. ચાલો આપણે આ આર્કિટેક્ટને મળી તેમના શોખ વિશે જાણીએ...






દિવાળીમાં ઘરે આવતા મહેમાનોને જોવા ડિસ્પ્લેમાં મૂકે

જીજ્ઞેશભાઈ પાસે ફટાકડીના રોલ ફોડવાની 15 જેટલી એન્ટિક ટોય ગન્સ છે. તેઓ દર વર્ષે દિવાળીના 5 દિવસ ઘરે દિવાળીની શુભેચ્છા મુલાકાત માટે આવતા ગેસ્ટને જોવા આ બધી જ બંદૂક ડિસ્પ્લેમાં મૂકે છે. આ રીતે ડિસ્પ્લેમાં ગન મુકવામાં આવે ત્યારે મહેમાનોને આવી ગનના ઇતિહાસ અને તે આપણા દેશમાં કયા દેશમાંથી આવી છે તેની હિસ્ટ્રી પણ જાણવા મળે છે.


ફટાકડી નહીં મૂકો તો પણ ફાયર સાઉન્ડ કરતી રશિયાની ગન

80 વર્ષ જૂની રશિયા મેડ ગનમાં તમે ફટાકડીનો રોલ નહીં મૂકો તો પણ ફટાકડી ફૂટી રહી હોય તેવો અવાજ આવે. આ વર્કિંગ સ્પ્રિંગ એક્શન મિકેનિઝમ ગન કલકત્તાથી મેળવી હતી. તે અન્ય ફટાકડાની ગન કરતા મિકેનિઝમની દૃષ્ટિથી જુદી તરી આવે છે.



જર્મનીની બંદૂક મુંબઈના ચોર બજારમાંથી મેળવી હતી

ઈંગ્લેન્ડ મેડ ત્રણ જેટલી ગન છે તેમાંથી એક 80-90 વર્ષ જૂની બંદૂક એન્ટિકના ડીલર પાસેથી મેળવી હતી. જ્યારે બીજી 100 વર્ષ જૂની મેટલ કાસ્ટિંગ બોડીની બંદૂક રિલેટિવે આપી હતી. જર્મની મેડ બંદૂક લગભગ 80 વર્ષ જૂની છે, જે મુંબઈના ચોર બજારમાંથી મેળવી હતી. જાપાન મેડ બંદૂક લગભગ 60 વર્ષ જૂની છે અને તે આયર્ન મેડ છે. પહેલા તો ઈંગ્લેન્ડ અને જર્મનીથી આવી ફટાકડી ફોડવાની બંદૂકો આવતી હતી. 2થી લઈને 8 ઇંચ સુધીની આ બંદુકો છે.



80-90 વર્ષ પહેલા પ્રતિષ્ઠિત ઘરના બાળકો માટે આવી બંદૂકો વિદેશથી આવતી



25 વર્ષથી આવી ફટાકડી ફોડવાની ગન ભેગી કરવાનો શોખ જીજ્ઞેશભાઈ ઠક્કરને જાગ્યો હતો. તેમણે જણાવ્યું કે, 80-90 વર્ષ પહેલાં મોટા ઓફિસર્સ અને પૈસે ટકે સારા એવા સુખી લોકોના બાળકોને દિવાળીમાં આવી બંદૂકો મળી રહે તે માટે ઈંગ્લેન્ડ અને જર્મનીથી તે આવતી. તેમની પાસે એવી પણ ગન છે જે તેમને 45 વર્ષ પહેલા તેમના દાદાએ લાવી આપી હતી. દાદાએ બીજી પણ આવી ટીન ટોય ગન લાવી આપી હતી. બીજા બાળકો દિવાળી પતે એટલે આવી બંદૂકો ઘરના ખૂણેખાચરે મૂકી દે અને પછી ભૂલી જાય, પણ હું તો તે સાચવી રાખતો પછી મને એન્ટિક વસ્તુઓના સંગ્રહનો શોખ જાગ્યો એટલે હું કશે સુરત બહાર જાઉ અને મને આવી એન્ટિક કહી શકાય તેવી ટોય ગન દેખાય તો હું તે મેળવી લેતો.